# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ
# પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૧૭ જુલાઈ, ૨૦૦૫ **કુલ ગુણ : ૧૦૦**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર. ૧ (અ) નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** ૧૮

૧. પંચવિષયરૂપી રોગનું ઔષધ
૨. મોટાપુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.
૩. એ ભક્તને ભગવાન સાથે અખંડ સંબંધ રહે છે.
૪. બળ પામવાના ઉપાયો
૫. તેજને વિષે જે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણવું.

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. માટે વૈરાગ્યનું બળ ...... દૃઢ કરીને રાખવા.
૨. માટે જેને ભગવાનને ...... પ્રીતિનું લક્ષણ છે.
૩. ચાર વેદ, ...... પરમ કલ્યાણ છે.
૪. જે ગૃહસ્થ હોય ...... મોટેરો જાણવો.
૫. માટે ભગવાનની આજ્ઞાએ ...... આવીને નિવાસ કરે છે.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાક્રમના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

૧. ભક્તિ ૨. નિષ્કામ ધર્મ

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર. ૨ (અ) નીચેના દરેક પ્રશ્નના એક એક વાક્યમાં જવાબ લખો.** ૬

૧. ભગવાન કોના પર રાજી, રાજી ને રાજી જ છે ?
૨. આંબા જેવા કોણ છે ?
૩. વર્તમાન પાળીને કલ્યાણ કરવાનો હેતુ શું છે ?
૪. જેને મોટાની સમજણ આવી હોય તેને શું થાય ?





૫. જીવ ક્યાં અટકે છે ?
૬. ટાઢું ક્યારે થાય ?

**(બ) નીચેનાં વાક્યોમાં કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને પૂર્તિ કરો.** ૭

૧. સત્સંગ મળ્યો છે પણ ....................... વિના કોઈને ગમ પડતી નથી. (નિયમ, વાંચન, સમાગમ)
૨. કારણ શરીર તો ........................ જેવું કઠણ છે, તે બહુ દાખડો કરીએ ત્યારે જિતાય. (કાળા પર્વત, મેરુ પર્વત, કૂવાની છીપર)
૩. જેમ જેમ ભગવાનનું જ્ઞાન થતું જાય છે, તેમ તેમ ................................ વધુ ને વધુ જણાતો જાય છે. (સત્સંગ, મહિમા, પ્રકાશ)
૪. હું અક્ષરધામમાંથી આવ્યો છું ને ........................ છું. (પુરુષોત્તમ, સર્વોપરી, સુગાળવો)
૫. વિષય તો બાંધે તેવા છે, પણ જ્યાં સુધી ......................... છે ત્યાં સુધી જણાય નહિ. (આસક્તિ, અજ્ઞાન, મોહ)
૬. ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અમારી આવરદા ..................... વરસથી વધુ નથી એમ જન્મોત્રીમાં લખ્યું હતું. (૫૭, ૫૮, ૬૮)
૭. એકાંતિકના જન્મ છે તે અનંત જીવને ..................... કરવા થાય છે. (નિર્દોષ, શુદ્ધ, બ્રહ્મરૂપ)

**(ક) અભ્યાસક્રમની સ્વામીની વાતોના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** ૧૦

૧. સ્વસ્વરૂપનો મહિમા
૨. સુખ-શાંતિનો ઉપાય
૩. બ્રહ્મસ્થિતિ પામવાનો માર્ગ

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૧ તથા ભાગ - ૨' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર. ૩ (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ઘનશ્યામનાં બાળચરિત્રો
૨. વૈરાગ્ય અને ભક્તિનો સમન્વય : નીલકંઠવર્ણી
૩. શ્રીહરિએ પ્રારંભેલું સમાધિ પ્રકરણ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૦

૧. પુલ્હાશ્રમમાં નીલકંઠ ૨. ધર્મધુરાની સોંપણી
૩. સ્વામિનારાયણ મહામંત્રનું પ્રાગટ્ય ૪. સેવાનો પર્યાય : સરજૂદાસ